ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૧.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૪૬ ટકા

# નવરાત્રી ઉજવણીને અપાતો આખરી ઓપ

## સરગાસણ, કુડાસણ, પેથાપુર, રાંધેજા, વાવોલ, કોલવડા તથા સેકટર સહિતના વિસ્તારોમાં નવરાત્રી ચોક, આયોજન સ્થળો તથા નિવાસસ્થાનો સજી-ધજીને સજ્જ બન્યા : પોલીસ પણ પ્રસંગ અનુરૂપ સતર્ક









ગાંધીનગર, તા.૮

જગત જનની જગદંબાનું મહાપર્વ નવરાત્રી આવી પહોંચી છે ત્યારે ગાંધીનગર પંથકમાં તેની તડામાર તૈયારીઓ પુર્ણતાના આરે આવી છે. પંથકમાં આવેલ માતાજીના મંદિરો તથા નવરાત્રી ચોક, આયોજન સ્થળો તેમજ જે તે વસ્તારમાં આવેલ રહેણાંક સ્થળોએ સાજ સજાવટ સાથે રોશની અને સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા કરી દેવાઈ છે તો બીજી તરફ માતાજીના શણગાર, ફુલહાર, પુજાપા સહિતની સામગ્રી ખરીદવા માટે શ્રધ્ધાળુઓએ દોડધામ મચાવી છે.ગુજરાતના અતિ લોકપ્રિય અને આસ્થાનું આ પર્વ શાંતિ અને સલામતીના વાતાવરણમાં યોજાય તે માટે તંત્ર અને પોલીસ પણ સતર્ક થઈ છે.

નવરાત્રી રૂમઝૂમ કરતી હવે બારણે આવી પહોંચી છે ત્યારે તેને ફુલડે વધાવી તેની ઉજવણી કરવા ગાંધીનગર પંથક ઉત્સાહીત બન્યો છે. પંથકના સરગાસણ, કુડાસણ, પેથાપુર, રાંધેજા, વાવોલ, કોલવડા તથા સેકટર સહિતના વિસ્તારોમાં સાફ સફાઈ રંગ રોગાન, માંડવડી, સાઉન્ડ સિસ્ટમ તથા રોશની વગેરેને આખરી ઓપ અપાઈ રહ્યો છે. સૌ કોઈએ હળીમળીને રાત્રી ઉજાગરા કરી માતાજીના આ પર્વની નવ દિવસ ગરબે ઘુમવાની તૈયારીઓ કરી દીધી છે.

નવ દિવસના માતાજીના નવ સ્વરૂપો નવા પરિધાન, ફુલહાર, પૂજાપો અને પ્રસાદ માટે શ્રધ્ધાળુ બજારમાં ઉમટી રહ્યા છે. માતાજીને નવ દિવસ નવા વસ્ત્રો, અલંકારો સાથે સોળે શણગારમાં સજજ કરી દિવ્યતાની અનુભૂતિ થાય તેવા પ્રયાસો પણ થઈ રહ્યા છે. માતાજીનું સ્થાપન, ફોટો કે મૂર્તિ, અગરબત્તી, અત્તર, સિંહાસન સહિત લાઈટીંગની વ્યવસ્થા પણ હાથ ધરવામાં આવી છે. નાના-મોટા ભુલકાંઓ પણ નવરાત્રીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે તો યુવાનધન ગરબે ઘુમવા થનગની રહ્યું છે તેઓ પણ ટ્રેડીશનલ ડ્રેસ, આભુષણ અને દાંડીયા વગરેના આયોજન માટે દોડધામ કરી રહ્યા છે. માતાજીના આ પવિત્ર પર્વમાં આરાધના, ઉપાસના અને અનુષ્ઠાન સહિત ગરબાનું મહત્વ રહ્યું છે ત્યારે શ્રધ્ધાળુઓ નવરાત્રીની તૈયારીઓ પૂર્ણતા તરફ લઈ જઈ રહ્યા છે અને બુધવારથી નોરતાનો મંગલ પ્રારંભ થશે જેની સૌ કોઈ ઉત્સાહપુર્વક ઉજવણી કરશે.

### સચિવાલય મધ્યસ્થ ગ્રંથાલયના જૂના પુસ્તકો શાળા-કોલેજો-સંસ્થાઓ વિના મૂલ્યે મેળવી શકશે

ગાંધીનગર, તા.૮

માહિતી નિયામકશ્રીની કચેરી હસ્તકના સચિવાલય મધ્યસ્થ ગ્રંથાલયના લગભગ ૧૩ હજાર જેટલા જૂના પુસ્તકો સરકારી શાળાઓ, કોલેજો, સરકારી ગ્રંથાલયો કે સંસ્થાઓને વિનામૂલ્યે આપવાના છે. જે શાળા-કોલેજો કે સંસ્થાઓને આ પુસ્તકો મેળવવામાં રસ હોય તેમણે ddirrr@gmail.com પર અરજી કરવા અનુરોધ છે.

સચિવાલય મધ્યસ્થ ગ્રંથાલયનું કોમ્પ્યુટરાઈઝેશન, રિનોવેશન અને આધુનિકરણ કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા પછી ૧૩,૦૦૦ જેટલા જૂના પુસ્તકો શાળા-કોલેજો-સંસ્થાઓને વિના મૂલ્યે આપવાના છે.

# શહેરમાં સીટીબસની ટક્કરે એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. શહેરમાં ગતિ નિયંત્રણ ન રાખીને ટ્રાફિકના નિયમોનો ભંગ કરી રહ્યા છે. શહેરમાં બેફામ વાહનો હંકારતા નગરજનો પર પોલીસ તંત્રએ લાલ આંખ કરવાની જરુર છે. ત્યારે ગતરોજ બપોરના સુમારે ગાંધીનગર શહેરમાં સીટી બસના ચાલકે પાછળથી ઈનોવા કારને જોરદાર ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈનોવા કારના ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જયા સારવાર દરમિયાન ઈનોવા કાર ચાલકનું મૃત્યું નિપજ્યું હતું.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર









શહેરમાં સહકાર કોલોની મકાન નં.૪૭ ખાતે રહેતા નરેશભાઈ હેમરાજભાઈ ગઢવી ગતરોજ બપોરના સુમારે પોતાની માલિકીની ઈનોવા કાર નં. જી.જે.૬.ડી.બી.-૨૮૪૫ લઈને એટીએમમાં રૂપીયા ઉપાડવા માટે ગયા હતા. આ સમયે તેમની સાથે તેમનો ૯ વર્ષિય પુત્ર મીત પણ હાજર હતો. સેકટર-૨૮ એસબીઆઈ બેન્કની સામે સેકટર-૨૪ સર્કલથી ઘ-૬ તરફના માર્ગ પર આવેલા એટીએમ રૂપીયા ઉપાડવા માટે કારમાંથી નીચે ઉતરી રહ્યા હતા તે સમયે પાછળથી સીટી બસના ચાલકે ગફલતભરી રીતે બસનં જી.જે.૧૮.ઝેડ.-૬૪૪૫ હંકારીને કારને પાછળથી જોરદાર ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલક નરેશભાઈ ગઢવીને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. જો કે મીત બાજુના દરવાજાથી ઉતરી જતા તેનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતમાં ઈજા પામેલા નરેશભાઈને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર અર્થે લઈ જવાયા હતા. જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવ્યા હતા, જયા સારવાર દરમિયાન ઈનોવા કારના ચાલક નરેશભાઈ ગઢવીનું અવસાન થયું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ પીએસઆઈ યુ.એચ. પટેલ ચલાવી રહ્યા છે.

### અખિલ ભારતીય સ્વાસ્થય સંઘ દ્વારા ગરબા યોજાશે

અખિલ ભારતીયા સામાજીક સ્વાસ્થય સંઘ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૧-૧૦-૧૮ ને ગુરુવારના રોજ બપોરના ૨.૩૦ કલાકથી ૫ કલાક સુધી બહેનો માટે દર વખતની જેમ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો ગાંધીનગરની બહેનોને ગરબામાં ભાગ લેવા સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ અનુરોધ કર્યો છે.

### લિમ્બચ માતાજી મંદિરે નવરાત્રિ ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૮

તા.૧૦મી ઓકટોબરથી તા. ૧૮મી ઓકટોબાર નવરાત્રિ દરમિયાન શ્રી લિમ્બચ માતાજી મંદિર સેકટર-૧૩ ગાંધીનગર ખાતે રાત્રે નવથી બાર વાગ્યા સુધી ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૦મી ઓકટોબર સવારે સવા નવ વાગે ઘટ સ્થાપના, નવરાત્રિ દરમિયાન રાત્રે નવથી બાર ગરબા, તેમજ ગરબાની શરૂઆતમાં આરતી કરવામાં આવશે.

### સિવિલમાં શનિવારે સમસ્યાઓની ઓપીડી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડીંગમાં દર શનિવારના રોજ તમામ વિભાગના એચઓડીની એક અગત્યની બેઠક યોજાશે. જેમાં જે તે વિભાગને સમસ્યા હોય તે સિવિલ સુપ્રિટેન્ડન્ટ સમક્ષ રજુ કરવામાં આવશે. જેથી આ સમસ્યાનું તાત્કાલીક ધોરણે નિરાકરણ લાવવા માટે પ્રયાસ કરાશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવો ઘાટ સર્જાયો છે. ત્યારે સિવિલમાં દર્દીઓનો ભારે ધસારો હોય છે. ઓપીડી અને ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ભરાયેલા નજરે પડે છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે ગાંધીનગર સિવિલ આવે છે. ત્યારે સિવિલમાં આવતા દર્દીઓને કે સ્ટાફના કર્મચારીઓને કોઈ તકલીફનો સામનો ન કરવો પડે તે માટે ખાસ એકશન પ્લાન તંત્ર દ્વારા ઘડવામાં આવ્યો છે. જેમાં ઓપીડી બિલ્ડીંગ ખાતે દર શનિવારના રોજ ખાસ બેઠકનું આયોજન સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા કરાયું છે. જેમાં દરેક વિભાગના એચઓડી હાજર રહેશે અને પોતાના વિભાગની કોઈ પણ ફરિયાદ કે સમસ્યા હશે તે રજુ કરશે. જેથી રજુઆત થયેલી સમસ્યાનું તાત્કાલીક ધોરણે નિરાકરણ આવે તે માટે જરુરી પગલા લેવામાં આવશે. જેમાં લાઈટ-પંખા, પાણી-ગટર સહિતના તમામ નાના નાના પ્રશ્નો પણ વોર્ડના અને ઓપીડીના સાંભળવામાં આવશે.

# ઉવારસદમાં પરપ્રાંતિયોને ધમકાવનાર ૫ શખ્સોની અટકાયત

## ૨૪ કલાકમાં ગામ છોડી જવાની ધમકી આપતો વિડીયો વાઈરલ થયા પછી ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૮

હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામની ૧૪ માસની બાળા પર દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ ઘટનાના પડઘા સમગ્ર રાજયમાં પડ્યા છે. ત્યારબાદ રાજયમાંથી પરપ્રાંતિયોને ભગાડી મુકવાની તથા માર મારવાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર પાસેના ઉવારસદ ગામમાં વસવાટ કરતા પરપ્રાંતિય યુવકોને ધમકાવવાનો વિડીયો સામે આવ્યો હતો. જેમાં જિલ્લા પંચાયત સદસ્ય મહોતજી ઠાકોરે ટોળા સાથે પહોંચીને ૨૪ કલાકમાં ગામ છોડી જવા ધમકાવ્યા હતા. જેનો વિડીયો વાઈરલ થયા બાદ આખરે અડાલજ પોલીસે આઈટી એકટ તેમજ આઈપીસીની વિવિધ કલમો હેઠળ મહોતજી સહિત ૫ સામે ગુનોં નોંધીને પાંચ શખ્સોની અટકાયત કરવામાં આવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઉવારસદ ગામે ગત તા.૨જી ઓકટોબરના રોજ રાત્રીના સમયે જિલ્લા પંચાયત સદસ્ય મહોતજી ઠાકોર ટોળાને લઈને ગામમાં રહેતા પરપ્રાંતિય નાગરીકોના ઘરે ઘરે ફર્યા હતા. જેનો વિડીયો સોશ્યલ મિડીયામાં વાઈરલ થયો હતો. જેમાં મહોતજી બે યુવાનોને ઢુંઢરની ઘટના અંગે જાણ કરીને ઉવારસદ ગામમાં કોઈપણ યુપી કે બિહારનો શખ્સ ન જોઈએ તથા ૨૪ કલાકમાં યુવી બિહારના તમામ શખ્સોને ગામ છોડી દેવા કહેતા જોવા મળે છે. જયારે સામે ઉભેલા શખ્સો તેમનો સાંભળી રહ્યા છે. તા.૩જી તારીખે વિડીયો વાઈરલ થયા બાદ ઉચ્ચકક્ષાએથી ગુનો દાખલ કરવાનો આદેશ છુટતા અડાલજ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પદમસિંહ નવલસિંહ દ્વારા મહોતજી બબાજી ઠાકોર, કિશન ઠાકોર, મહેશજી ઠાકોર, બળદેવજી ઠાકોર, તેમજ ગણપતજી ઠાકોર સામે આઈપીસી કલમ ૧૪૩, ૫૦૫ (ખ,ગ),૫૦૫ (૨, ૫૦૭ તથા આઈટી એકટ ૬૬ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં આરોપીઓએ તા.૨જી ની રાત્રે ગેરકાયદેસર મંડળી રચી પરપ્રાંતિયોના ઘરે જઈને ધમકી આપી, યુપી બિહારતી નોકરી ધંધા અર્થે આવેલા નાગીરકો પર અમાનુષી વર્તન કરી, સોશ્યલ મિડીયામાં વિડીયો વાઈરલ કરીને રાજયની શાંતિ-સુરક્ષા ડહોળવા તેમજ નાગરીકોમાં દુશ્મનાવટ, રાગ, દ્વેષની લાગણી ઉભી કરી, ભય ગભરાહટ પેદા કરી વૈમનસ્ય ફેલાય તેવી પ્રવૃતિ કરવામાં આવી હોવાનું નોંધાયું છે. જેને પગલે આ ગુનાની તપાસ કરતા પીઆઈ જે.જી. વાઘેલાએ જિલ્લા પંચાયતના સદસ્ય મહોતજી ઠાકોર સહિત પાંચની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

### ગુજરાત જળ સંપત્તિ નિગમના કર્મયોગીઓ આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૮

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ ગાંધીનગર તથા નિગમની તાબાની કચેરીઓના કર્મયોગીઓને જણાવવામાં આવે છે કે અત્રેના મંડળ તથા સંલગ્ન બોર્ડ નિગમ સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ દ્વારા વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતાં ૭ મા પગારપંચનું એરીયર્સ, વર્કચાર્જ રોજમદારના પડતર પ્રશ્નો બાબતે કોઈ હકારાત્મક ઉકેલ આવે ન હોઈ નિગમના મહામંડળના આદેશ અનુસાર તા. ૧લી ઓકટોબરથી વિવિધ બોર્ડ નિગમની કચેરીઓમાં કાળી પટ્ટી ધારણ કરી સુત્રોચ્ચારનો કાર્યક્રમ નક્કી કરેલ છે. પાટનગર યોજના ભવન ગાંધીનગર ખાતે તા. ૯મી ઓખટોબરના રોજ રીશેષ સમયે બેઢી અઢી વાગ્યા સુધી સુત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાશે.

## તિથીઓની વધઘટ છતાં

# નવરાત્રી નવ દિવસની જ રહેશે

## એકમ-બીજ ભેગા, બે છઠ્ઠ અને નોમ-દશેરા ભેગા એમ તિથિઓનો સંયોગ સર્જાયો છે : બુધવારે ઘટસ્થાપન કરાશે

ગાંધીનગર, તા.૮

આદ્યશકિત માં જગદંબાની આરાધના, ઉપાસના અને અનુષ્ઠાનનું મહાન પર્વ નવરાત્રીમાં આ વર્ષે તિથિઓની વધઘટ થતાં શ્રધ્ધાળુઓમાં મુંઝવણ ઉભી થઈ છે. પરંતુ આ તિથિઓની વધઘટ છતાં નવરાત્રી નવ દિવસની જ ઉજવાશે અને ગણાશે. બુધવારના રોજ એકમ-બીજની તિથી ભેગી છે અને તે દિવસે જ માતાજીનું ઘટસ્થાપન કરી શકાશે. જયારે છઠ્ઠની તિથિ પણ બે થાય છે તો નોમ અને દશેરાની તિથિનો પણ સંગમ થાય છે આમ આ શારદીય નવરાત્રી ક્ષયવાળી એટલે કે દુષિત તિથિઓવાળી છે છતાં માતાજીના આ પર્વને શ્રધ્ધાપૂર્વક ઉજવવા અને ઉપાસના કરવા માટે નવ દિવસ જ ગણાશે.

સામાજીક અને ધાર્મિક રીતે આવતા તહેવારો અને ધાર્મિક પ્રસંગો પંચાંગ આધારે નક્કી થતાં હોય છે. શાસ્ત્રી ભરતભાઈએ જણાવ્યું છે કે તિથી, વાર, નક્ષત્ર, યોગ અને કરલી એ પાંચ વસ્તુનો યોગ પંચાંગ કહેવાય છે અને તે સુર્ય અને ચંદ્રની ગતિ ઉપર આધારિત છે જે મુજબ આ વર્ષે શરુ થનાર શારદીય નવરાત્રીમાં તિથિઓની વધઘટ બની છે જેમાં પ્રથમ નવરાત્રિ બુધવારના રોજ એકમ બીજ ભેગા છે તે દિવસથી પ્રારંભ થશે અને ઘટસ્થાપન સવારે ૭ થી ૧૦ કલાક દરમિયાન કરી શકાશે.

શનિવારના રોજ પાંચમે લલિતાપંચમી તરીકે નવરાત્રીનું ચોથું નોરતું ઉજવાશે જયારે રવિવાર અને સોમવાર એમ બે દિવસ છઠ્ઠની તિથીઓ છે છતાં પાંચમું અને છઠ્ઠા નવરાત્રિના દિવસ તરીકે તે ગણાશે. જયારે દુર્ગાષ્ટમી બુધવારના રોજ ઉજવી શકાશે અને નોમ અને દશેરાની તિથિનો સંગમ થાય છે એટલે બે તિથિ ભેગી છે જેથી છેલ્લું નોરતું દશેરાને ૧૮-૧૦-૧૮ના રોજ ઉજવાશે. આમ આ નવરાત્રીમાં તિથિઓની વધઘટ હોવા છતાં નવ દિવસ સુધી નવરાત્રીની ઉજવણી કરી શકાશે. આ જગ પાંચ તત્વોથી બંધાયેલું છે જેમાં આકાશ, વાયુ, પૃથ્વી, જળને તેજ અને તેના પાંચ દેવ મુખ્ય છે ગણપતિ, જગદંબા, સુર્યનારાયણ, વિષ્ણુ અને મહાદેવ. જેથી જગતજનની જગદંબાનું આ પર્વ નવરાત્રીનું વિશેષ મહત્વ છે જે માટે શ્રધ્ધાળુઓ આ પર્વમાં માતાજીને પ્રસન્ન કરવા ઉપવાસ અને આરાધનાનો પ્રારંભ કરશે.

### સરકારી વિજ્ઞાન કોલેજમાં લાયબ્રેરી દ્વારા NLIST Awareness programme યોજાયો







ગાંધીનગર, તા.૮

લાયબ્રેરી, સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરમાં તા. ૦૩.૧૦.૨૦૧૮ ના રોજ **NLIST Awareness programme** યોજાયો હતો જેમાં એમએસસી ટીવાયબીએસસી તેમજ કોલેજના સ્ટાફ હાજર રહ્યા હતા.

**Expert** તરીકે ડો. કૃતિબેન ત્રિવેદી ને બોલવા માં આવ્યા હતા તેઓ **INFLIBNET CENTRE** માં **scientist B** ની પોસ્ટ ધરાવે છે તેમને વિદ્યાર્થીઓ ને **NLIST** નો કેટલો ઉપયોગ છે અને કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનાથી માહિતગાર કર્યા હતા એમને એ પણ જણાવ્યું હતું કે સરકારી કોલેજ કે જે ટીચિંગ ની શરૂઆત છે એટલે ઈબુક્સ નો **access** વધારે આપવામાં આવ્યો છે તે જણાવ્યું હતું ઈજર્નલ ના **access** વિશે પણ માહિતી આપી હતી.આચાર્યશ્રી એ એમને ગુજરાતીબુક્સ **NLIST** માં ઉમેરવાની વાત કરી હતી કે જે વિદ્યાર્થીઓ ને ઉપયોગ માં આવે તેમજ **NLIST** નું **facebook**માં અકાઉનટ હોઈ વિદ્યાર્થીઓ ને ફોલો કરવાનું કહ્યું હતું. લાયબ્રેરીયન દ્વારા કૃતિબેનનો આભાર માનવામાં આવ્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. જીવણજી કરશનભાઈ મકવાણા, ઉ.વ. ૫૮
- સ્વ. બાબુજી દોલાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. હિરાબા ભેમાજી ઠાકોર, ઉ.વ. ૧૧૦